# વિસ્તાર વૈવિધ્ય અને વિપુલતામાં સૌથી સમૃદ્ધ ગુજરાતી કોષનો પ્રશસ્ય પ્રારંભ

# ભગવદ્ગોમંડલ

આજથી દસ વર્ષ પર, 'કુમાર'ના ૭૩મા અંકમાં અમે જેની તૈયારીની નોંધ લીધી હતી તે 'ગોંડળકોષ'નો પહેલો ગ્રંથ ગયા વર્ષની આખરે 'ભગવદ્ગોમંડલ'ના નામથી બાહાર પડ્યો છે. અમારી એ નોંધમાં, એ વખતની એને માટેની તૈયારી જોઈને, એને 'ગુજરાતી ભાષાની શબ્દ-શુમારીના સમર્થ પ્રયત્ન' તરીકે અમે ઓળખાવ્યો હતો એ વિધાન, સંખ્યા તેમજ ગુણવત્તા બંનેની દૃષ્ટિએ, સાચું પડ્યું છે એમ આ ગ્રંથ જોતાં જણાય છે. ગુજરાતી ભાષાના સર્વ કોષોમાં વિસ્તાર, વિપુલતા અને વૈવિધ્યની દૃષ્ટિએ આ કોષ મોખરે આવતો લાગે છે.

હિંદની અન્ય ભાષાઓને મુકાબલે સંપૂર્ણ ભાષાકોષના ગુજરાતના દારિદ્રયે નર્મદનું પહેલું ધ્યાન ખેંચ્યું ને એણે એકલે હાથે ૨૫,૨૬૮ શબ્દનો 'નર્મકોષ' રચ્યા પછી, તેમાં ઉત્તરોત્તર વિકાસરૂપે છેલ્લો ગુજરાત વિદ્યાપીઠનો ૫૭,૦૦૦ શબ્દોવાળો 'સાર્થ જોડણીકોષ' પ્રકટ થયો ત્યાં સુધીમાં શ્રી લલ્લુભાઈ પટેલ, ગુજરાત વર્નાક્યુલર સોસાએટી વગેરેના થોડાઘણા કોષ બહાર પડી ગયા; પણ ઘરગથ્થુ, તળપદા લોકભોગ્ય અને પ્રાંતિક શબ્દોએ એમાંના કોઈ કોષકારનું ઝાઝું ધ્યાન નહોતું ખેંચ્યું. ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજીને એ ન્યૂનતા વર્ષો પહેલાંથી ખૂંચવા લાગી હતી ને ૧૯૨૯થી તો એની પૂર્તિ માટે સ્વયં કામે લાગી ગએલા. એના પરિપાકનું પહેલું ફળ હમણાં આપણને મળ્યું છે.

તેના નામ 'ભગવદ્ગોમંડલ'થી પ્રતીત થાય છે તેમ, એ પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા અને પ્રધાન સંપાદક મહારાજાશ્રી ભગવતસિંહજીના નામાર્ધ સાથે, 'ગો' એટલે વાણી એ શબ્દાર્થ ઘટાવીને 'ગો-મંડલ' શબ્દનો સમાસ કર્યો છે. ઉપરાંત, 'ગોમંડલ'માં ગોંડલના નામનો પણ ધ્વનિ રહેલો છે. એ રીતે અપાએલું આ નામ એ કેવળ દુન્યવી શિષ્ટાચાર ખાતર કે મહારાજાશ્રીએ આવા મહાભારત કાર્યને આપેલા રાજ્યાશ્રયનો ઋણભાર દર્શાવવા ખાતર નથી, પણ એની પાછળ એમની પોતાની અંગત જહેમત અને ખંત રહેલાં છે. અને તેની પ્રતીતિ એટલી જ હકીકત પરથી થશે કે 'ભગવદ્ગોમંડલ'ની શરૂઆત એમણે પોતે, કોઈપણ કોષમાં પ્રસિદ્ધ નહિ થએલા એવા ૧૫,૦૦૦ નવા શબ્દો આપીને કરી હતી. તેઓશ્રીએ પોતાની યાદદાસ્ત, ખેડૂતો અધિકારીઓ નોકરો આદિ સાથેની વાતચીત, દરબારી કામકાજ, તેમજ તુમારો તથા વર્તમાનપત્રો વગેરેના વાચનમાંથી અનેક નવા શબ્દો એકઠા કર્યા છે. ઉપરાંત, આજ વર્ષોથી કોષનું કાર્ય તેઓશ્રીએ નિત્યનિયમ તરીકે સ્વીકાર્યું છે, તેનાં પ્રુફ જાતે જુએ છે અને તેના શબ્દાર્થ તથા વિવરણ શિષ્ટ અને સાદા રાખવાનો પોતાનો અંગત આગ્રહ હોવાથી એમાં ઝીણવટભર્યા સુધારા જાતે કરે છે.

વેબ્સ્ટર ઑક્સફર્ડ વગેરે જાણીતા મોટા કોષોના કદનાં ૮૩૯ પાનાંના આ દળદાર પહેલા ગ્રંથમાં 'અ' અને 'અં' એ બે જ અક્ષરોના કુલ ૨૪,૭૨૧ શબ્દો, ૪૮,૦૧૯ અર્થો અને ૧,૦૨૮ રૂઢિપ્રયોગો આપેલા છે. આપણી શબ્દસમૃદ્ધિનો એ એક કોષખંડ પરથી જ ખ્યાલ આવી જશે. જબરી એટલી જ જેબ આપનારી એ

જહેમત એ પણ બતાવી આપે છે કે આપણી ભાષાની પયોગ્રન્થીઓ તો લોકવાણીમાં જ રહેલી છે. તેનું જ્ઞાપનપત્ર કહે છે તે મુજબ તેને સર્વગ્રાહી બનાવવા તેમાં ભીલ, દુબળા, તળાવિયા, વાઘેર, આહીર, મિયાણા વગેરે તળપદી કોમોમાં વપરાતા શબ્દોનો પણ સંગ્રહ થયો છે. વેદાંત, વિજ્ઞાન, વૈદક, રસાયણ પ્રાણિશાસ્ત્ર, જંતુશાસ્ત્ર, યષ્ટિશાસ્ત્ર, ખગોળ, ગણિત વગેરે શાસ્ત્રોની તેમજ ધર્મપુરાણોની પરિભાષા ઉપરાંત પ્રાંતિક, રૂઢ, ગ્રામ્ય તથા ગ્રંથ અને જાતિ વગેરેને લગતા શબ્દો તથા તેમના સંકેતશબ્દો પણ સંઘરાયા છે. દસ્તાવેજો, તુમારો, જૂના લેખો, ચોપડા, લોકગીત તથા નરસિંહ-ભાલણથી માંડી અર્વાચીન યુગના વિવિધ સાહિત્યમાં આવેલા શબ્દોનું સંકલન આ કોષમાં થયું છે. આમ, વ્યુત્પત્તિ વ્યાકરણ અને ઇતિહાસ સાથેના બે લાખ શબ્દો જેમાં એકત્રિત થયા છે એવા એ સંગ્રહના આટલા જ દળદાર બીજા ચારેક વિભાગો પ્રકટ થનાર છે. આટલી મહેનત અને દ્રવ્યના ભોગે તૈયાર થએલો આ સમૃદ્ધ કોષ જ્ઞાનપ્રચારના શુભ આશયથી પ્રેરાઈને માત્ર છપામણી અને કાગળની પડતર કીમતે આપવાનો આશય છે એ બીના આ યોજનાને વધુ સ્તુત્ય બનાવે છે. ગરવી ગુજરાતના વાગર્થકિરીટ બની રહેવાની ગુણવત્તા આ કોષમાં છે જ. અને ગુર્જરગિરાની એ ચિરંજીવ સેવા માટે અમે મહારાજાશ્રી ભગવતસિંહજીનું અભિવાદન કરીએ છીએ.

**'કુમાર' માસિકના મે ૧૯૪૦ના સળંગ અંક ૧૯૭માંથી સંકલિત અંશ..સાભાર**
**( લખાણની મૂળ જોડણી યથાવત જાળવી છે )**

**સૌજન્ય :** આ લેખ વીશેની માહીતી અને લેખના પાનાં - કુમાર-કોશ rameshbshah.wordpress.com ના રચયિતા સુરતના **શ્રી રમેશ શાહ** shahrameshb@gmail.com તરફથી અમને મળ્યાં છે તેમના સહયોગ બદલ અમે તેમના આભારી છીએ...